| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૧–૧૦–૨૦૧૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૧–૧૦–૨૦૧૬ |
| કેંસલ તારીખ | ૨૦–૦૩–૨૦૨૫ |
| સમય ગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u><br>૦૮ – ૦૪ – ૨૮ |

**મે. કડીના પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ.–કડી.**

**<u>સ્પે.દિ.મુ.નં.૩૨/૨૦૧૬</u>**
**આંક–૧૪૧**

**વાદીઃ–** **પટેલ વિષ્ણુભાઇ ચીમનલાલ,**
રહે.૧૫/ શિવનગર સોસાયટી, ભાઉપુરા,
મુ.તા.કડી, જી.મહેસાણા.

***<u>વિરુદ્ધ</u>***

**પ્રતિવાદી:** – **<u>૧. પટેલ જીવણભાઇ ચીમનલાલ તે મૈયતના વારસદાર,</u>**
(૧/૧) પટેલ શાંતાબેન જીવણલાલ, રહે.ભાઉપુરા–કડી,
(૧/૨) પટેલ ભગવતીબેન જીવણલાલ, રહે.વામજ–કડી,
(૧/૩) પટેલ કૈલાશબેન જીવણલાલ, રહે.કરણનગર–કડી,
(૧/૪) પટેલ આનંદીબેન જીવણલાલ, રહે.સરઢવ, તા.જી.ગાંધીનગર,
(૧/૫) પટેલ ઉર્મિલાબેન જીવણલાલ, રહે.સરઢવ, તા.જી.ગાંધીનગર,
(૧/૬) પટેલ મુકેશભાઇ જીવણલાલ, રહે.ભાઉપુરા,કડી,
(૨) પટેલ વાસુભાઇ ચીમનલાલ, રહે.કડી, તા.કડી,

**બાબત : –** વીલ યાને વસિયતનામાના આધારે પ્રોબેટ મેળવવા બાબત...

***************************************************

વાદી તર્ફે વિદ્ધાન વકીલશ્રી બી.ડી.પંડ્યા
પ્રતિવાદી તર્ફે વિદ્ધાન વકીલશ્રી કે.બી.પટેલ

***************************************************

**<u>– ઠ રા વ –</u>**

(૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકીત એવી છે કે, તેઓ અરજદાર ઉપર બતાવેલા સરનામે રહે છે અને ખેતી કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે. તેઓ અરજદારના દાદા પાટીદાર મફતલાલ નાથાલાલની વડીલોપાર્જીત આવેલી અને

વારસાઈની નોંધ નં. ૪૪ થી સદર મિલકત પટેલ ચીમનલાલા મફતલાલના ખાતે કુલ ૧૪ સર્વે નંબર અનુક્રમે ૪૮૮, ૪૯૨, ૮૨, ૮૦૩, ૮૦૪/૧, ૮૦૪/૨, ૮૦૫, ૮૦૬, ૮૦૭, ૮૦૮, ૧૪૭/૧, ૧૪૧૦/૨, ૧૦૫૫, ૧૫૧૨, ૧૪૮૭ તથા ૧૪૮૮ વાળી તમામ મિલકતો આવેલી હતી અને જે તમામ મિલકતોની વહેંચણી તેમના પિતાશ્રીએ તેમની હયાતી દમ્યાન તા.૧૯/૧૨/૧૯૮૮ ના રોજ કરી આપતા વહેંચણી અંગેની નોંધ નં.૭૩૯૦ થી દાખલ થયેલ અને સદર વહેંચણી પ્રમાણે તેઓ અરજદારના મોટાભાઈ પટેલ ઈશ્વરભાઈ ચીમનભાઈના ભાગમાં સર્વે નં.૪૮૮ તથા ૪૦૮ વાળી મિલકત તેમના ભાગમાં આવેલી જેની વિગત નીચે પ્રમાણે છે.

| અ.નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ | આકાર |
|---|---|---|---|
| ૧. | ૪૮૮ | ૦–૭૨–૫૪ | ૪–૮૧ |
| ૨. | ૮૦૮ | ૦–૫૭–૫૧ | ૭–૫૦ |

ઉપર જણાવ્યા પ્રમાણેની તમામ મિલકતો તેમના ભાઈના નામે આવેલ હતી તેઓને કોઈ સંપત્તિમાં વારસ ન હોઈ તેઓ અરજદાર તેમના ભાઈ તેમજ ભાભીની તમામ પ્રકારની સેવા ચાકરી અને દેખભાળ રાખતા હોઈ અને તેમના ભાભી કોકીલાબેન તા.૩૧/૦૫/૧૯૯૨ ના રોજ ગુજરી જતાં તેમના ભાઈની તેઓ દેખરેખ અને સાર–સંભાળ અને સેવા ચાકરી કરતા હતા તે દરમ્યાન તેમના ભાઈ પટેલ ઈશ્વરભાઈ ચીમનલાલે પોતાની હયાતી દરમ્યાન તા.૩૧/૦૫/૨૦૦૬ ના રોજ ઉપરોકત સર્વે નં. ૪૮૮ તથા ૪૦૮ વાળી મિલકતો અંગે બે સાહેદની રૂબરૂમાં વીલ યાને વસિયતનામું તેઓ અરજદારની તરફેણમાં લખી આપી તેમની હયાતી બાદ મજકુર મિલકતોના ટ્રસ્ટી તરીકે તેઓને નીમેલ જે વીલ યાને વસીયતનામું નોટીરીશ્રી એ.જે. શાસ્ત્રી સાહેબના રજીસ્ટરમાં અનુક્રમ નં.૪૧૦૨/૨૦૦૬ તા.૩૧/૦૫/૨૦૦૬ ના રોજ નોંધાયેલ છે. ઉપર મુજબ સદર તેમના ભાઈશ્રીએ તેમની હયાતી બાદ સદર વસીયતી મિલકતો વેચાણ કરી સદર મિલકતમાંથી ઉપજેલી તમામ રકમોનું યોગ્ય વહીવટ કરી તે પેટે ઉમિયા માતાજીના મંદિર ઉંઝા મુકામે તેમની પુણ્યતીથી એ યથા યોગ્ય દાન આપવા તેમજ કડવા પાટીદાર મોટાબાર સમાજ છત્રાલ મુકામે આવેલ વાદીમાં તેમના નામે રૂમો બનાવવા તેમજ વૃધ્ધા આશ્રમમાં તેમની પુણ્યતીથીએ જમણવાર કરવા માટે દાન આપવા તેમજ કડી મણીપુર મહોલ્લામાં આવેલ ચતેશ્વર મહાદેવના જીણોતધારમાં યથા શક્તિદાન આપી તેમના નામની તકતી મુકાવવી તેમજ કડી સર્વ વિદ્યાલયમાં છોકરાઓને ભણવા માટે એક રૂમ બંધાવી આપવા તેમજ કડી ભાઉપુરા ચોકમાં પંખીઘર બનાવવા માટે ટ્રસ્ટી તરીકે તેમની નિમણુંક કરી ધાર્મિક તેમજ સામાજીક કામે તેમની

મિલકતનો યોગ્ય વહીવટ કરી ધાર્મિક તેમજ સામાજીક કામે તેમની મિલકતો યોગ્ય વહીવટ થાય તે હેતુસર વીલ યાને વસિયતનામું તેમની તરફેણમાં કરી આપેલ છે. સદરહું મિલકતો અંગે તેઓ અરજદારને વીલ યાને વસિયતનામું કરી આપ્યા બાદ નામદાર અદાલતની હકુમતમાં તા.૦૧/૦૬/૨૦૦૬ ના રોજ કડી, તા.કડી મુકામે તેમના મોટાભાઈશ્રી પટેલ ઈશ્વરભાઈ ચીમનલાલ ગુજરી ગયેલ છે. સદરહું મર્હુમ ઈશ્વરભાઈ ચીમનલાલે તેઓને કરી આપેલ વીલ યાને વસિયતનામાંથી સદરહું અરજના પેરા નં.૨ માં જણાવ્યા પ્રમાણેની તમામ મિલકતોના તેઓ કાયદેસરના વારસદાર બનેલ છે અને જેથી સદરહું વીલના આધારે પ્રોબેટ મેળવવા હાલની અરજ કરવી પડેલ છે. સદરહું વસીયતી મિલકત કુલ ચો.મી. ૧૭૦૦૫ ના માપની હોઈ તેની સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન જંત્રી દ્ધારા તેની નક્કી કરેલ બજાર કિંમત પ્રમાણે રૂા.૨૫,૫૦,૭૫૦/– થાય છે. તેઓ અરજદાર જાહેર કરેલ છે કે, સદરહું વીલ યાને વસિયતનામાના આધારે પ્રોબેટ મેળવવા તેઓ અરજદાર સિવાય કોઈએ અરજ કરેલ નથી અને સદરહું વસિયતની તમામ મિલકતો અંગે કોઇ અદાલતમાં દાવો કે પ્રોસેડીંગ ચાલુ નથી કે પેન્ડીંગ નથી. સબબ અરજ કરી દાદ માંગેલ છે કે, ઉપરોકત તમામ હકીકતો નેક લક્ષમાં લઈ સદરહું અરજ મંજૂર કરી મોજે કડી, તા.કડીના ૮/અ ના ખાતા નં.૧૮૬૯ થી ચાલતી ખેતીની જમીનોનો સર્વે નં. ૪૮૮ તથા ૮૦૮ જે સદરહું અરજમાં પેરા નં. ૨ માં વર્ણવેલ છે તે મિલકતો અંગે તા. ૩૧/૦૫/૨૦૦૬ ના રોજ કરી આપેલ વીલ યાને વસીયતનામાના આધારે તેઓ અરજદારની તરફેણમાં તમામ મિલકતોનો પ્રોબેટ કાઢી આપવા તથા આ અરજ અંગે યોગ્ય અને વ્યાજબી લાગે તે તમામ દાદ આપવા જણાવેલ છે.

(૨) ત્યારબાદ આ કામે પ્રતિવાદી/સામાવાળા વાસુદેવભાઈ ચીમનલાલ પટેલે તા.૧૨–૨–૨૦૦૯ ના રોજના સંદેશ દૈનિક સમાચારપત્રની ઉત્તર ગુજરાત મહેસાણા આવૃત્તિના પાના નં.૩ પર આપેલ જાહેર નોટીસ અનુસંધાને તેમના વકીલ મારફતે આંક–૧૩ થી વાંધાઓ રજુ કરેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, મોજે કડી, તા.કડી, જી. મહેસાણાની સીમના સર્વે નં.૪૮૮ ની હે.આરે.ચો.મી. ૦–૭૨–૫૪ તથા સર્વે નં.૮૦૮ ની ૦–૫૭–૫૧ વાળી જુ.શ.ની ખેતીની જમીનો ઈશ્વરભાઈ ચીમનભાઈ પટેલની માલિકી કબજા ભોગવટાવાળી આવેલ હતી. જે આ કામે “દાવાવાળી જમીન" છે. ઈશ્વરભાઈ ચીમનભાઈ પટેલ તા.૧–૬–૨૦૦૬ ના રોજ મૈયત થતા તેમના સીધીલીટીના વારસોમાં અન્ય કોઈ જ વારસદાર ન હોય અરજદાર, વાંધેદાર, જીવણભાઈ તથા જસીબેન હિન્દુ વારસાધારા મુજબના આડી લીટીના વારસદારોમાં

આવતા હોય વારસાઈ હક્કે તેઓ વાંધેદાર તથા અન્ય સંયુક્ત માલિક સહકબજેદાર ભોગવટેદાર બનેલ છે. તેઓ વાંધેદાર ઈશ્વરભાઈ તથા ચીમનભાઈ અને જસીબેન શરૂઆતના સમયથી સાથે રહેતા હતા. જીવણભાઈને પરણાવ્યા બાદ જીવણભાઈ તેમનો પરિવાર લઈ અલગ રહેવા ગયેલા તેમજ વિષ્ણુભાઈને પરણાવ્યા બાદ તેઓ પણ તેમનો પરિવાર લઇ અલગ એવા ગયેલા. આમ, વાંધેદાર સાથે ઉપર જણાવ્યા પ્રમાણે ચાર ઈસમો સાથે રહેતા હતા. ત્યારબાદ વાંધેદારના બહેન જસીબેને જાસપુર મુકામે પરણાવેલા તેથી તેઓ સાસરીએ ઘર કરી રહેલા છે અને ચીમનલાલ તથા ઈશ્વરભાઈની સેવા ચાકરી પણ વાંદેદારે કરેલ છે. આ બંને ઈસમોને વિષ્ણુભાઈ કે જીવણભાઈએ રાખેલા નથી. તેમજ તેઓ વાંધેદાર ઈશ્વરભાઈની સેવા ચાકરી કરેલ નથી ઈશ્વરભાઈએ તેમની હયાતીમાં તેમની તમામ મિલક્તમાંથી મકાન કે જે શીવનગર સોસાયટીમાં બંગ્લા નં.૪ થી આવેલ છે. તે તેમની હયાતી બાદ વાંધેદારને મળે તેથી ઇચ્છા વ્યક્ત કરેલી તેથી અરજદાર તથા જીવણભાઈ, જસીબેને તે સંબંધે રૂા.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરી આપેલ છે તેમજ બાકીની મિલક્ત તેમના તમામ ભાઈ બહેનોની સંયુક્ત રાખેલી. ઉપરોક્ત હકીક્ત હોવા છતાં આ કામના અરજદારે ઈશ્વરભાઈ મૈયત થયા બાદ પાછળથી ખોટા વ્યક્ત ઉભા કરી ઈશ્વરભાઈની ખોટી સહી કરી ખોટુ અને બનાવટી વીલ યાને વસીયતનામું મૈવત ઈશ્વરભાઈનું ઉભું કરેલ જે અંગે તેઓ વાંધેદારને જાણ હતી નહી તેથી તેઓ વાંધેદાર જીવણભાઈ ચીમનલાલ પટેલે કોર્ટમાં કરેલ રે.દિ.મુ.નં.૧૮૯/૦૭ ના કામે અરજદાર સાથે રહી વકીલાતપત્રમાં સહી કરેલી પરંતુ પાછળથી જીવણભાઈ દ્વારા તો વાંધેદારને ખોટા વીલ અંગેનું હકીકતનું જ્ઞાન થતા તેઓ વાંધેદારે અલગથી એડવોકેટશ્રીને રોકી કાર્યવાહી લડવાનું નક્કી કરી એડવોકેટશ્રી રોકેલ છે. જે કામે તેઓએ તેમનો લેખીત જવાબ આપેલ છે. તેમજ અરજદારે તેવા કહેવાતા ખોટા વિલની રૂઈએ તેમનું નામ રેવન્યુ રેકર્ડ દાખલ કરવા ફેરફાર નોંધ નં.૧૮૬૪૧ તા.૨૮-૧૨-૦૭ ના રોજ પડાવેલી જે નોંધ સામે તેઓ વાંધેદાર તથા જીવણભાઈએ વાંધે લેતા તકરારી કેસ નં.૧૧૩/૦૭-૦૮ ઉપસ્થિત થયેલ જે કામે મામલતદારશ્રી કડીએ રજૂઆત કરવાની તક આપી બન્ને પક્ષકારોને સાંભળી પુરાવાઓ લઈ ફેરફાર નોંધ નં.૧૮૬૪૧ ના મંજુર કરતો હુકમ તા.૧૬-૭-૦૮ ના રોજ કરેલ છે. તેમજ તેઓ વાંધેદારે મૈયત ઈશ્વરભાઈ ચીમનલાલના આડી લીટીના વારસદારોના નામો રેવન્યુ રેકર્ડ દાખલ કરવા સારૂ ફેરફાર નોંધ નં.૧૯૯૨૮ તા.૧૭-૭-૨૦૦૮ ના રોજ પડાવેલી જે રૂએ અરજદાર, વાંધેદાર, જીવણભાઇ, જસીબેનના નામો દાખલ થયેલા છે જે નોંધ પ્રમાણિત થયેલ છે. આ કામના અરજદારે હાલની

અરજી સપ્રેશન ઓફ મટીરીયલ ફેક્ટથી દાખલ કરેલ છે, તેથી અરજદારની અરજી ચાલવા પાત્ર ન હોઈ રદ થવા પાત્ર છે તેમજ અરજદારની અરજીને કોડ ઓફ સીવીલ પ્રોસીઝરના પ્રબંધોનો બાધ હોય અરજદારની અરજી ચાલી કે ટકી શકે તેમ ન હોઈ રદ થવાને પાત્ર છે તેમજ અરજદારની અરજીને હિન્દુ વારસાધારો તથા ભારતીય વારસો ધારાનો પ્રબંધોનો બાધ હોય અરજદારની અરજી ચાલી કે ટકી શકે તેમ ન હોય રદ થવાને પાત્ર છે તેમજ મે. સિવીલ જજ સમક્ષની અરજદારની અરજીની અરજી સામે તેઓ વાંધેદાર વાંધો નોંધાવતા હોય આ મુદ્દા અંગે નિર્ણય કરવા હકુમત પહોંચતી નથી, તેથી હકુમત ધરાવતા સીનિયર સીવીલ જજ સાહેબ સમક્ષ હાલની અરજી નિર્ણય થવા પાત્ર છે. આમ, ઉપરોક્ત હકીક્તોએ અરજદારે ઈશ્વરભાઈનું ખોટું બનાવટી વીલ તેમના મરણ થયા બાદ ઉભુ કરેલ હોય તેમજ વારસાઈ હક્કે તમામ વારસદારો હક્કદાર હોઈ અરજદારની પ્રોબેટ અરજી સામે તથા પ્રોબેટ આપવા સામે તેઓ વાંધેદારનો સખત વાંધો તેથી આ કામે તેઓ વાંધેદારને સાંભળવાની તથા પુરાવા રજુ કરવાની તક આપવા હુકમ કરવા જણાવેલ છે.

(૨.૧) તેવી જ રીતે પ્રતિવાદી/સામાવાળા જીવણભાઇ ચીમનલાલે તેમના વકીલ મારફતે હાજર થઇ, આંક–૧૫ થી વાંધા અરજ તથા લેખિત જવાબ રજુ કરેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ અજદારના ભાઈ ઈશ્વરભાઈ ચીમનલાલ તા.૧/૬/૦૬ ના રોજ ગુજરી ગયેલ છે. તેઓનું ખોટું વીલ ઉભું કરી તેમના ભાઇઓ પટેલ વિષ્ણુભાઇ ચીમનલાલ, જસીબેન ચીમનલાલ, વાસુદેવ ચીમનલાલ, ચીમનલાલ મફતલાલ, મનુભાઈ અંબાલાલ, જગદીશભાઈ ઈશ્વરભાઇ તથા એ.જે. શાસ્ત્રી પબ્લીક નોટરી વિગેરેના મળી ખોટું અને બનાવટી વિલ ઉભું કરી તેમની મિલ્કત ખોટી રીતે હડપ કરવા સારું પ્રયત્ન કરેલ છે કારણ કે તેમના ભાઈ ઈશ્વરભાઈ નિર્વંશ ગુજરી ગયેલા છે અને તેઓએ મરણ પહેલાં કોઈ વીલ કરેલ નથી તેમ છતાં તેઓનું વીલ ખોટી રીતે ઉભું કરી વિષ્ણુલાલ ચીમનલાલે તેઓની મિલ્કત ખોટી રીતે પચાવી પાડવા બનાવટી દસ્તાવેજ ઉભો કરતાં તેઓ સામાવાળાઓ ઉપરોકત તમામ ઇસમો સામે કડી ના.કોર્ટમાં ક્રિ.ઈ.નં. ૧૨/૦૮ થી ફરીયાદ દાખલ કરેલ છે જે ઈન્કવાયરી હાલમાં ચાલુ છે. જે કામે કડી પોલીસે અરજદાર વિષ્ણુભાઈ ચીમનલાલનું તા.૧૪/૯/૦૮ ના રોજ લેખિત જવાબ લીધેલ છે જે કામે અરજદારે સ્પષ્ટપણે જણાવેલ છે કે તેમની જમીન સ.નં. ૪૮૮ અને ૮૦૮, જે ઈશ્વરભાઈ ચીમનલાલના નામે છે. તેમાં તેઓ ખેતી કરે છે અને તે જમીન હાલમાં તેમના મોટાભાઈ ઈશ્વરભાઈ ચીમનલાલના નામે ચાલે છે, જે જમીન તેમના નામે કરવા માટે ડોઈ વીલ કરેલ નથી. જેથી તેઓના મૃત્યુબાદ પોલીસ

તપાસમાં સ્પષ્ટપણે વીલ કર્યા અંગેનો ઈન્કાર કરેલ છે. જેથી તેઓ પ્રોબેટ મેળવવા હડક્કદાર નથી. વળી, જે જમીનો અંગે તેઓએ કોર્ટમાં પ્રોબેટ અંગેની માંગણી કરેલ છે તે સર્વે નંબરો/બ્લોક નંબરો ૪૮૮ અને ૮૦૮ તેઓ સામાવાળા જીવણભાઈ ચીમનલાલનું નામ નામદાર કડીના મામલતદાર સાહેબે વારસાઈ તેમજ પેઢીનામાના આધારે તા. ૧૭/૭/૦૮ ના રોજ દાખલ કરેલ છે. જેમાં પણ આ વિલ અંગે વિસ્તૃતપણે ચર્ચા થઈ ગયેલ છે. જેથી હાલના અરજદાર આ અંગેનો કોઈ પ્રોબેટ મેળવવા હક્કદાર નથી. જેથી હાલની આ પ્રોબેટ અરજી નામંજૂર કરવા તેઓ સામાવાળાનો આ લેખિત જવાબ છે.

(૩) વાદી દ્વારા તેમના દાવાની હકીકત પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો</u> :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૪ | વાદી પટેલ વિષ્ણુભાઇ ચીમનલાલની સોગંદ ઉપરની સરતપાસ, |
| ૨. | ૫૯ | વાદી તરફે સાહેદ પટેલ જગદીશભાઇ ઇશ્વરભાઇની સોગંદ ઉપર સરતપાસ, |
| ૩. | ૬૯ | વાદી તરફે સાહેદ પટેલ મનુભાઇ અંબાલાલની સોગંદ ઉપર સરતપાસ, |

**<u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | ૧૭ | સંદેશ દૈનિકમાં નોટીસ પ્રસિદ્ધ કરી તેનું બિલ નં.૧૧૫૩૯ અસલ, |
| ૨. | ૧૮ | સંદેશ દૈનિક ન્યુઝ પેપરમાં છપાયેલ નોટીસ અસલ, |
| ૩. | ૨૯ | સર્વે નં.૪૮૮ ના ગામ નમુના નં.૭ અને ૧૨ ના ઉતારાની નકલ, |
| ૪. | ૩૦ | સર્વે નં.૮૦૮ ના ગામ નમુના નં.૭ અને ૧૨ ના ઉતારાની નકલ, |
| ૫. | ૩૧ | ગામ નમુના નં.૬ હક્કપત્રકની નકલ, |
| ૬. | ૩૨ | કોકિલાબેનનું મરણ પ્રમાણપત્ર અસલ, |
| ૭. | ૩૩ | ઇશ્વરભાઇનું મરણ પ્રમાણપત્ર અસલ, |
| ૮. | ૬૭ | વીલ યાને વસીયતનામું, |
| ૯. | ૧૦૯ | સચિવશ્રી મહેસુલ વિભાગ (વિવાદ) નાએ તેમના હુકમ નં.મ.વી.વી./હકપ/મસણ/૨૦/૨૦૧૦ ના કામે કરેલ હુકમની ખરી નકલ, |

ત્યારબાદ વાદી તરફે આંક–૭૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરતા વાદીનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) પ્રતિવાદીઓએ નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૫૫ | પ્રતિવાદી નં.૨ તરફે સાહેદ રમણભાઇ નારણભાઇ પટેલની સોગંદ ઉપર સરતપાસ, |
| ૨. | ૭૨ | પ્રતિવાદી નં.૨ વાસુદેવભાઇ ચીમનલાલ પટેલની સોગંદ ઉપરની સરતપાસ, |
| ૩. | ૮૫ | પ્રતિવાદી નં.૨ તરફે સાહેદ નં.૨ જગદીશભાઇ જેઠાભાઇ પટેલની સોગંદ ઉપર સરતપાસ, |

**પ્રતિવાદી નં.૨ દસ્તાવેજી પુરાવો :–**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | ૩૭ | રે.દિ.મું.નં.૧૮૬/૦૭ ના આંક–૧ ની દાવા અરજીની સહી–સિક્કાવાળી નકલ, |
| ૨. | ૩૮ | રે.દિ.મું.નં.૧૮૬/૦૭ ના આંક–૨૪ વાળા જવાબની સહી–સિક્કાવાળી નકલ, |
| ૩. | ૩૯ | રે.દિ.મું.નં.૧૮૬/૦૭ ના આંક–૩૩ વાળઆ જવાબની સહી–સિક્કાવાળી નકલ, |
| ૪. | ૪૦ | રે.દિ.મું.નં.૫૮/૦૯ ના આંક–૧ ની દાવા અરજીની સહી–સિક્કાવાળી નકલ, |
| ૫. | ૪૧ | રે.દિ.મું.નં.૫૮/૦૯ ના આંક–૨૭ વાળા જવાબની સહી–સિક્કાવાળી નકલ, |
| ૬. | ૪૨ | રે.દિ.મું.નં.૫૮/૦૯ ના આંક–૩૧ વાળા જવાબની સહી–સિક્કાવાળી નકલ, |
| ૭. | ૪૩ | ફે.નોં.નં.૭૩૯૦ ની તલાટી પાસેથી મેળવેલ રેકર્ડની સહી–સિક્કાવાળી નકલ, |
| ૮. | ૪૪ | ભાગ્યોદય હાર્ડવેર સ્ટોર્સની ડીલીવરી સ્લીપ અસલ, |
| ૯. | ૪૫ | બંગ્લા નં.૪ વાળું મકાન ટ્રાન્સફર કરવા અંગે કરેલ અરજી અસલ, |
| ૧૦. | ૪૬ | હેન્ડ રાઇટીંગ એક્સપર્ટ જે.જે.પટેલે આપેલ રીપોર્ટ અસલ, |
| ૧૧. | ૪૭ | રેશનીંગ કાર્ડ અસલ, |

ત્યારબાદ પ્રતિવાદી તરફે આંક–૮૯ થી પુરસીસ રજુ કરી વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા નહી હોવાનું જાહેર કરેલ છે.

(૫) વાદીના વિ.વ.શ્રી દ્વારા આંક–૧૩૩ થી લેખિત દલીલો રજુ કરેલ છે જે

માનસહ વંચાણે લીધી. તેમજ પ્રતિવાદી નં.૨ ના વિ.વ.શ્રી દ્ધારા આંક–૧૩૫ થી લેખિત દલીલો રજુ કરેલ છે, જે માનસહ વંચાણે લીધી.

આ કામે કેસ રેકર્ડ ધ્યાને લેતા સદર કામે મુદ્દા ઘડવામા આવેલ ન હોય તેમજ તે સંદર્ભે બંને પક્ષકારો તરફેના વિ.વશ્રીઓનુ ધ્યાન દોરતા બંને પક્ષકારો તરફેના વિ.વશ્રીઓ ધ્વારા આંક–૧૩૯ થી પુરસીસ રજુ રાખી મુદ્દા સંબંધે કોઈ વધુ પુરાવો આપવા માંગતા ન હોવાનુ જાહેર કરેલ છે.

(૬) હાલના દાવાનો ન્યાયિ નિર્ણય કરવા સારું આંક–૧૪૦ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢેલા છે.

**// મુદ્દાઓ //**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, મર્હુમ ઈશ્વરભાઈએ તા.૩૧/૦૫/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ વીલ યાને વસીયતનામુ જેન્યુઅન છે?

(૨) શું વાદી માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૩) શું હુકમ અને હુકમનામું?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે :–

**// નિ ર્ણ યો //**

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

**// કા ર ણો //**

**મુદ્દા નં. ૧ થી ૩**

(૮) મુદ્દા નંબર ૧ થી ૩ ના પુરાવા માહેની હકીકતો એકબીજા સાથે સંકળ ાયેલી હોય પુનરોકિતનો દોષ નીવારવા તમામની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

આ કામે અત્રે એ નોંધવુ ઉલ્લેખનીય છે કે, અરજદાર/વાદીએ હાલની મુળ અરજી વીલ યાને વસીયતનામાના આધારે પ્રોબેટ મેળવવા માટે દાખલ કરેલ છે જે સંદર્ભે જાહેરનોટીસ પ્રસિધ્ધી કરાવતા સદર કામે સામાવાળાઓ તરફથી લેખતી વાં

ધા રજુ થયા બાદ સીવીલ સ્યુટમાં કનવર્ટ કરવાનો હુકમ આંક–૧ લગત મારા પુરોગામી ન્યાગાધીશ ધ્વારા કરવામાં આવેલ છે તેમજ તે આધારે અરજીની કાર્યવાહી દાવા તરીકે ચલાવવામાં આવેલ છે.

આ કામે વાદી તરફેના વિ.વશ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે વાદીએ સોગંદ ઉપર જુબાની રજુ રાખેલ છે તેમજ ઉલટ તપાસમાં વિરુધ્ધની કોઈ હકીકતો ખુલેલ નથી તેમજ જેની હાજરીમાં વિલ થયુ છે તે સાક્ષીને આ કામે તપાસવામાં આવેલા છે તેમજ તેઓએ પણ વીલ તેઓની હાજરીમાં થયાનુ અને ગુજરનારે તેઓની હાજરીમા સહી કર્યાનુ કબુલેલ છે તેમજ ઉલટ તપાસમાં વિરુધ્ધની હકીકતો ખુલેલ ન હોય તેને ન માનવા માટે કોઈ કારણ નથી તેમજ વીલ થયુ નથી કે વીલ ખોટુ છે તેવી કોઈ હકીકતો પ્રસ્થાપીત થતી નથી કે શંકાસ્પદ સંજોગો જોવા મળતા નથી. સામાવાળાએ જે સહી ખરાઈ કરવા સારુ વીલની ઝેરોક્ષ કોપી તેમજ દસ્તાવેજો હેન્ડરાઈટીંગ એક્ષપર્ટને મોકલેલા તે તમામ દસ્તાવેજો ઝેરોક્ષ કોપી હતા તેમજ જે દસ્તાવેજો હતા તે સને ૧૯૭૫–૭૬ ની સાલના છે અને વીલ તારીખ ૩૧/૦૫/૨૦૦૬ ના રોજનુ છે એટલે કે ત્રીસ વર્ષ પછીની સહીની તપાસણીના નમુના હોય તેમજ વાંધેદારોએ પોતઢ ાની જમીન વેચી મારેલ હોય તેમજ વીલ માત્ર વહીવટ કરવા સારુ કરી આપેલ હોય વીલને પુરેપુરુ સમર્થન મળેલુ હોય હાલનો દાવો મુજર કરવા રજુઆત કરેલ છે તેમજ તેઓની દલીલના સમર્થનમા નીચે મુજબના ચુકાદા પર આધાર રાખેલ છે, પરંતુ સદર ચુકાદા હાલના કામે રજુ રાખેલ નથી.

(૧) એ.આઈ.આર. ૧૯૯૨ સુપ્રિમકોર્ટ પેજ નંબર ૨૧

(૨) એ.આઈ.આર. ૧૯૬૩ સુપ્રિમકોર્ટ પેજ નંબર ૧૭૨૮

જયારે પ્રતિવાદી તરફેના વિ.વશ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, કહેવાતુ વીલ તા.૩૧/૦૫/૨૦૦૬ ના રોજનું છે એટલે કે ગુજરી ગયાના એક દિવસ પહેલાનુ છે જેથી વીલ શંકાસ્પદ છે તેમજ વીલ ખોટુ ઉભુ કરવા સંબંધે ફરીયાદ પણ પ્રતિવાદી નંબર ૧ નાએ કરેલ છે તેમજ ઈશ્વરભાઈએ તેમની હયાતીમા બંગલા નંબર ૪ વાળી મીલકત પ્રતિવાદી નંબર ૨ ને મળે તેવી ઈચ્છા વ્યકત કરેલી હોય તેમજ બાકીની

મીલકતો તમામ ભાઈ–બહેનોની સંયુકત રાખેલ હોવા છતા ખોટા વ્યકિત પાછળથી ઉભા કરી ઈશ્વરભાઈની ખોટી સહી કરી ખોટુ વીલ બનાવી રેવન્યુ રેકર્ડે ફેરફાર કરેલો હોય તેમજ રેવન્યુ રેકર્ડે પડેલ નોંધ સામે વાંધો લેતા તકરારી કેસ પક્ષકારોને સાંભળી નોંધ નામંજુર કરેલ હોય તેમજ તે હુકમ વિરુધ્ધ આજદીન સુધી અપીલ કરેલ ન હોય તેમજ વાદી તથા વાદીના સાહેદોની જુબાની જોતા ઈશ્વરભાઈ છેલ્લા એક વર્ષથી બીમાર હોય તેમજ હસ્તાક્ષર નીષ્ણાંતે તકરારી વીલની સહી તથા કુદરતી સહી મેળવી અભિપ્રાય આપેલો હોય તેમજ તકરારી સહી ખોટી હોય તેમજ પ્રતિવાદી તરફે રજુ થયેલ પુરાવા ઉપરથી પણ શંકાસ્પદ હકીકતો રેકર્ડ પર આવેલ હોય વીલ જેન્યુઅન હોવાનુ પુરવાર કરેલ ન હોય તેમજ શંકાનુ નીવારણ વાદીએ કરેલ ન હોય તમામ રીતે જોતા વીલ શંકાસ્પદ હોય હાલનો દાવો રદ કરવા રજુઆત કરેલ છે તેમજ તેઓની દલીલના સમર્થનમા નીચે મુજબના ચુકાદા રજુ રાખેલ છે.

(૧) ૧૯૭૨(૦) જી.એલ.એચ.ઈ.એલ એસ.ઈ. ૨૧૮૬૪ પુષ્પાવતી વિરુધ્ધ ચંન્દ્રરાજા કદમ્બા.

(૯) બંને પક્ષકારો તરફેની રજુઆતો ધ્યાને લેતા તેમજ વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપીત થયેલા સિધ્ધાંતો મુજબ પ્રોબેટ આપનાર અદાલતે માત્ર એટલી હકીકત જોવાની છે કે, રજુ થયેલ વીલ જેન્યુઅન છે કે કેમ? અને જો કોઈપણ શંકાસ્પદ સંજોગો હોય તો તે શંકાનુ નીવારણ વીલનુ પ્રોબેટ માગનારે કરવાનુ રહે છે. આ કામે પ્રતિવાદી નંબર ૨ એટલે કે વાંધેદારનુ કથન છે કે, વીલ શંકાસ્પદ છે તેમજ આવુ કોઈ વીલ કરવામાં આવ્યુ નથી જે માટેના તેઓએ પોતાની દલીલમાં તેમજ પુરાવામાં વિવિધ સંજોગો બતાવેલા છે જે ધ્યાને લેવામા આવે તો વાદીએ આંક–૨૪ થી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, ઈશ્વરભાઈને નાની મોટી બીમારી આવતી તેમજ લાંબુ ચાલે તો શ્વાસની તકલીફ થતી તેમજ તે તકલીફ આશરે પાંચ વર્ષથી હતી તેમજ ઈશ્વરભાઈ મૈયત થયા તેના એક દિવસ અગાઉ કીડની ની તકલીફ હતી એટલ લઈ ગયેલા તેમજ આંક–૬૯ થી તપાસવામા આવેલ સાહેદ પટેલ મનુભાઈ અંબાલાલે પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીમા એક માસ

અગાઉથી ઈશ્વરભાઈને શ્વાસની તકલીફ હોવાનુ તેમજ ઈશ્વરભાઈ ગુજરી ગયા તેના આગળના દિવસે તેઓને ફોનથી જાણ કરેલી કે તેમની તબીયત વધારે ખરાબ છે તમારે મળવુ હોય તો મળી જાવ. તેમજ સાથે સાથે વાદી તરફે તપાસવામાં આવેલ સાહેદ પટેલ જગદીશભાઈ ઈશ્વરભાઈની સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતા તેઓએ પણ વીલ તબીયત સારી ન હોય કરવાનુ કહેલાનુ સ્વીકારેલ છે જે ઉપરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ઈશ્વરભાઈ બીમાર હતા તેમજ છેલ્લા દિવસે તેમની તબીયત વધારે ખરાબ હતી તેમ છતા વીલ કડી મુકામે કરેલ નથી, પરંતુ વીલ મહેસાણા મુકામે કરેલ છે. વધુમાં, આ કામે વાદીનુ કથન છે કે, ઈશ્વરભાઈની સાર સંભાળ તેઓ રાખતા હતા તેમજ સેવાચાકરી તેઓ કરતા હતા. જયારે પ્રતિવાદી નંબર ૨ નુ કથન છે કે, ઈશ્વરભાઈ તેઓની સાથે રહેતા હતા તેમજ તેઓ મરણ ગયા ત્યા સુધી તેમની સાથે રહેતા હોવા છતા વીલ વાદીની તરફેણમા કરેલ છે તેમજ વીલ તેમનો અંત સમય હતો ત્યારે થયેલુ છે જેથી શંકાસ્પદ સંજોગો જણાઈ આવે છે. આમ, પ્રતિવાદી નં બર ૨ તરફેની દલીલો ધ્યાને લેતા તેમજ આંક–૪૭ થી રજુ થયેલ રેશન કાર્ડની નકલ વં ચાણે લેતા પ્રતિવાદી નંબર ૨ તથા ઈશ્વરભાઈ સાથે રહેતા હોવાનુ જણાઈ આવે છે તેમજ પ્રતિવાદી નંબર ૨ ઈશ્વરભાઈને રાખતા ન હતા તેવો પણ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. વધુમા, આ કામે પ્રતિવાદી નંબર ૨ નું મુખ્ય કથન છે કે, ઈશ્વરભાઈની ખોટી સહી કરી તેમના મરણ બાદ બનાવટી વીલ ઉભુ કરવામાં આવેલ છે તેમજ વીલ આધારે રેવન્યુ રેકર્ડે ફેરફાર થતા વીલ તકરારી થયેલુ તેમજ વીલમા ઈશ્વરભાઈની સહી ખોટી કરવામાં આવેલ છે. જયારે વાદી તરફેના વિ.વશ્રીની રજુઆત છે કે, વીલ બે સાક્ષીઓની હાજરીમાં કરવામાં આવેલ છે તેમજ જેન્યુઅન છે. આમ, બંને પક્ષકારોની દલીલો સંદર્ભે રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા પ્રતિવાદી નંબર ૨ નાએ આં ક–૮૫ થી સાહેદ જગદીશભાઈ જેઠાભાઈ પટેલ કે જેઓપ્રાઈવેટ હસ્તાક્ષર નીષ્ણાંત છે તેઓને સોગંદ ઉપર તપાસેલા છે તેમજ સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમા આંક–૬૭ વાળા વીલમા પટેલ ઈશ્વરભાઈ ચીમનલાલની સહી બનાવટી હોવાનુ અને કુદરતી સહીઓ માર્ક– એન–૧ થી એન–૬ જેમણે કરેલી

છે તે વ્યકિતએ તકરારી સહી કરેલ નહી હોવાનુ જણાવેલ છે તેમજ તેના સમર્થનમાં આંક–૪૬ થી પોતાનો રીપોર્ટ રજુ રાખેલ છે જેની સામે વાદી તરફેના વિ.વશ્રીનુ કથન છે કે, હસ્તાક્ષર નીષ્ણાંતને જે કોઈ દસ્તાવેજો ચકાસણી માટે મોકલવામા આવેલા છે તે તમામ દસ્તાવેજો ઝેરોક્ષ છે તેમજ ઘણા જુના હોય સહીમા ફેરફાર આવવો સ્વાભઢ ાવીક છે તેમજ ૨૫ થી ૩૦ વર્ષનો માણસ સહી કરે અને તેજ માણસ ૬૦ વર્ષ આસપાસનો થાય અને સહી કરે તો તેમા સહીમા તફાવત આવે તે સ્વાભાવીક છે પરંતુ આ કામે આંક–૪૬ વાળો હસ્તાક્ષર નીષ્ણાંતનો રીપોર્ટ વંચાણે લેતા કુદરતી સહીના નમુના તથા તકરારી સહીના નમુના વચ્ચેના તફાવત અંગેનો અભિપ્રાય હસ્તાક્ષર નીષ્ણાંત ધ્વારા આપવામાં આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી પરંતુ સહી ખોટી હોવાનુ અભિપ્રાય આપેલાનુ જણાઈ આવે છે તેમજ હસ્તાક્ષર નીષ્ણાંતે તટસ્થ સાહેદ હોય તેઓને ખોટુ બોલવાનુ કોઈ કારણ હોય તેવુ માની શકાય તેમ નથી. વધુમા, આ કામે વાદીનુ કથન છે કે, આંક–૪૫ વાળી અરજી પ્રતિવાદીએ હસ્તાક્ષર નીષ્ણાં તને મોકલેલ નથી જેથી અરજીની સહી તથા વીલમા કરેલ સહી કમ્પેર થયેલ ન હોય વીલમા સહી ખોટી કરવામા આવેલાનુ પુરવાર થતુ નથી પરંતુ આ કામે પ્રતિવાદી નંબર ૨ નાએ વીલમા સહી ખોટી હોવાનુ બર્ડન શંકાસ્પદ સંજોગો દર્શાવી વાદી ઉપર શીફ્ટ કરેલ છે ત્યારે વીલમાં ઈશ્વરભાઈની સહી સાચી હોવાનુ પુરવાર કરવાનો સાબીતીનો બોજો વાદી ઉપર રહેલ છે જે સંબંધે વાદીએ નામદાર કોર્ટમાં આંક– ૬૭ વાળા વીલમાં ઈશ્વરભાઈની સાચી અને ખરી સહી સંદર્ભે સરકારી હસ્તાક્ષર નીષ્ણાંતને વીલ મોકલવા માટે કોઈ અરજી કે કાર્યવાહી કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. આમ, સમગ્ર પુરાવો જોવામાં આવે તો પુરાવા ઉપરથી સ્વ. ઈશ્વરભાઈ ગુજરી ગયા તે સમયે બીમાર હતા તેમજ પ્રતિવાદી નંબર ૨ સાથે રહેતા હતા તેમજ જે સાક્ષીઓએ વીલ ઓળખી બતાવેલ છે તે બંને સાહેદો પૈકી એક સાહેદ વાદી સાથે નોકરી કરતા હોવાનુ તેમજ તેમના મીત્ર હોવાનુ તેમજ બીજા સાહેદ તેઓના બનેવી હોવાનુ રેકર્ડ પર આવેલ છે. એટલે કે, વાદીના હીત ધરાવનાર સાક્ષીઓ છે તેમજ ઈશ્વરભાઈ તા.૦૧/૦૬/૨૦૦૬ ના રોજ મરણ ગયેલ છે જયારે વીલ તા.૩૧/૦૫/૨૦૦૬ના રોજનું છે. વધુમાં, હાલના

વાદીએ વીલના આધારે રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરાવવા ફેરફાર નોંધ સને ૨૦૦૭ માં પડાવવા કાર્યવાહી કરેલી છે તેમજ સને ૨૦૦૬ થી સને ૨૦૦૭ સુધી વીલ અંગેની કોઈ જાણકારી તેઓના અન્ય ભાઈઓ–બહેનોને હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. ઉલટાનુ રેકર્ડ ઉપર એ હકીકત આવેલ છે કે, ક્રિમીનલ ઈન્કવાયરી નંબર ૧૨/૨૦૦૮ ના કામેના પોલીસ નીવેદનમા પણ હાલના વાદીએ તેઓની તરફેણમા ઈશ્વરભાઈએ કોઈ વીલ કરી આપેલ નહી હોવાનુ જણાવેલ છે તેમજ આ કામે આંક–૬૭ થી રજુ થયેલ વીલમા ઈશ્વરભાઈની સહી સંબંધે શંકા ઉત્પન થયેલ છે તેમજ તે માટેના વ્યાજબી ખુલાસા વાદી તરફે થયેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. આમ, તમામ સંજોગો તથા કેસનો પુરાવો ધ્યાને લેતા તેમજ નામદાર હાઈકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટના વિવિધ ચુકાદા મુજબ વીલ જેન્યુઅન હોવાનુ બાબતે વાદી પુરવાર કરી શકેલ ન હોય જયારે પ્રતિવાદી શંકાસ્પદ સંજોગો દર્શાવી શકેલ હોય તેવા સંજોગોમાં વાદી દાવા અરજીના પેરા– ૮ માં માગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકદાર બનતા ન હોય ઉપરોકત ચર્ચા કર્યા મુજબ મુદા નં.૧ થી ૩નો જવાબ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ઠરાવી મુદા નં.૪ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**::: આ ખ રી હુ ક મ :::**

૧. વાદીનો હાલનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

૨. દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવાનો રહેશે.

૩. હુકમ મુજબ હુકમનામું દોરવુ.

હુકમ આજ રોજ ૨૦ મી માહે માર્ચ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

તા:–૨૦–૦૩–૨૦૨૫
સ્થળ : કડી

(રીટાબેન મનુભાઈ બારોટ)
મુખ્ય સીનીયર સીવીલ જજ,કડી
કોડ નં.જી.જે.૦૧૦૦૧